# અંભેટીના કેવીકેમાં વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજાઇ

ધરમપુર, તા. ૧૧ : ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત અને ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર - અંભેટી, વલસાડ જીલ્લાના અંતરિયાળ ગામોમાં છેલ્લાં ૨૮ વર્ષોથી ખેતીને લગતી નવિનતમ આધુનિક તાંત્રિકતાઓનો ખેડુત સમુદાયમાં પ્રચાર પ્રસાર કરે છે. આ કાર્યમાં કેન્દ્રના વૈજ્ઞાનિકોને જીલ્લાના પ્રગતિશીલ ખેડુતો, ખેતીવાડી વિભાગના અધિકારીઓ, કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોના અભિપ્રાયો અને સૂચનો મળી રહે તે માટે તારીખ ૦૮/૦૮/૨૦૧૮ ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અંભેટી ખાતે વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠકનુ ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદના કુલસચિવશ્રી ડૉ ભરતભાઇ જોષીના અધ્યક્ષ સ્થાને આયોજન કરવામાં આવ્યુ. બેઠકની શરૂઆતમાં કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ આર એફ



ઠાકોરે ઉપસ્થિત સર્વે અધિકારીઓ અને ખેડુતોનુ સ્વાગત કરી થયેલ વાર્ષિક કામગીરીનો અહેવાલ રજુ કર્યો હતો. ત્યારબાદ કેન્દ્રના વૈજ્ઞાનિકોની થયેલ વાર્ષિક કામગીરી અને આગામી આયોજન અંગે ચર્ચા કરવામાં આવી.

આ બેઠકમાં ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદના માનદ્ વિસ્તરણ નિયામક ડૉ. રાજેન્દ્ર ખીમાણી, નવસારી કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો ડૉ. ડી કે.શર્મા, ડૉ. એન.બી.પટેલ અને ડૉ. એલ.કે. અરવાડીયા, સરકારી અધિકારીઓ, પ્રગતિશિલ ખેડૂતો તથા આત્મા પ્રોજેક્ટ, વલસાડના પ્રતિનીધિ જશોદાનરોત્તમ ચેરીટેબલ ટ્રસ્ટના રમેશભાઇ ભોયા અને જીતેન્દ્રભાઇ પવાર, ગ્રામશિલ્પી મોહનભાઇ તથા ગ્રામ સેવા કેન્દ્ર અંભેટીના સંયોજક પ્રદિપભાઇ સોનારા ઉપસ્થિત રહ્યા હતાં